# 2026માં આ પ્રકારની નોકરીઓ પર AI થી જોખમ સર્જાશે



**ટેક-ટોક**

★ આનંદ ગાંધી

2026નું વર્ષ એઆઈના નામે રહેશે. જેમ 2025માં કંઈ કેટલીય ટેક્નોલોજી એઆઈથી બદલાઈ ગઈ, મોબાઈલનો ઈન્ટરફેસ બદલાઈ ગયો, સર્ચ કરવાની પદ્ધતિ બદલાઈ ગઈ, સર્ચ રિઝલ્ટ બદલાઈ ગયું, રિસર્ચની મેથડ બદલાઈ ગઈ - તેમ 2026માં પણ આ ટ્રેન્ડ ચાલશે અને વધારે એઆઈ આધારિત દુનિયા આગળ વધશે. તમે અત્યાર સુધી ગૂગલ કરતા હતા. હવે તમે ચેટજીપીટી કરવા લાગ્યા છે. ફોટોમાં એડિટિંગ સરળ બન્યું છે. સ્ક્રિપ્ટિંગ એઆઈ કરી આપે છે. નાનુ-મોટું લખાણ કે તેને લગતા આઈડિયા એઆઈ આપે છે. 2022 પહેલાં આપણે વિચાર્યું ન હતું એવા એવા કામો એઆઈ કરી આપે છે અને આગળ પણ એમાં ઉમેરો થઈ રહ્યો છે.

એઆઈ શરૂઆતમાં લોકોને મજેદાર લાગ્યું હતું. કુતુહલથી પ્રેરાઈને લોકો એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરવા લાગ્યા હતા, પરંતુ હવે એઆઈના કારણે નોકરિયાતોમાં ભયનો માહોલ પણ સર્જાયો છે. સેંકડો લોકોની નોકરીઓ ખતરામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવી સંસ્થાઓ પણ એઆઈથી બેરોજગારી સર્જાશે એવી ચિંતા વ્યક્ત કરે છે અને તેના પર નિયંત્રણની હિમાયત કરે છે. આવી પરિસ્થિતિમાં દુનિયાની ટોચની ટેક્નોલોજી કંપની અને ચેટજીપીટી બનાવનારી કંપની ઓપનએઆઈને ફંડ આપનારી માઈક્રોસોફ્ટ કહે છે કે તેમણે 40 પ્રકારની નોકરીઓ અલગ તારવી છે, જેના પર એઆઈના કારણે નોકરી ગુમાવવાનો સૌથી વધારે ખતરો છે.

માઈક્રોસોફ્ટે એઆઈના કારણે જે ફીલ્ડની નોકરીઓ ખતરામાં છે તેનું એક લિસ્ટ તૈયાર કર્યું છે. માઈક્રોસોફ્ટે કહ્યું હતું કે જે કામમાં લેખન-એનાલિસિસ વગેરેનો સમાવેશ થાય છે તે નોકરીઓ જોખમમાં મૂકાઈ છે. આ ક્ષેત્રમાં કાર્યરત લોકોએ પોતાની કામ કરવાની પદ્ધતિ ઝડપભેર બદલવી પડશે, તો જ તેમની નોકરી સલામત રહેશે. જો તેમણે એઆઈને ટક્કર આપે તેવી સ્કિલ નહીં વિકસાવી હોય તો તેઓ વલ્નરેબલ થઈ જશે. રિપોર્ટનું માનીએ તો માઈક્રોસોફ્ટે 40 પ્રકારની નોકરીઓ ઓળખી કાઢી છે, જેમાં મેક્સિમમ એઆઈનો ઉપયોગ થઈ શકે છે, અથવા થઈ રહ્યો છે. આ ફીલ્ડમાં એઆઈ માત્ર સહાયકની ભૂમિકામાં જ નથી, એ કામો એઆઈ ટેક્નોલોજી ખુદ કરી શકે છે. જે નોકરીઓ પર જોખમ છે એમાં કન્ટેન્ટ રાઈટર્સ, સંપાદકો, અનુવાદકો, પત્રકારો, ડેટા એનાલિસ્ટ, કસ્ટમર સપોર્ટ અધિકારીઓ, વેબ ડેવલપર્સની નોકરીઓને એઆઈ આ વર્ષે વ્યાપક રીતે પ્રભાવિત કરશે.

લેખનને લગતી જેટલી નોકરીઓ છે એમાં માઈક્રોસોફ્ટે કહ્યું હતું કે કોપી-પેસ્ટ કરનારાઓની નોકરીઓ પર ખતરો છે. સર્જનાત્મક સામગ્રી લખનારાઓ પર જોખમ નથી. એ જ રીતે ચેટબોટ્સ આવી જતાં કસ્ટમરકેર સ્ટાફ ઘટી ગયો છે. જે કામમાં ડેટા એકઠાં કરવાનો હોય કે ઈ-મેઈલ લખવાના હોય કે કોઈ માહિતી આપવાની હોય એ કામ એઆઈ ટૂલ્સ ઝડપથી અને સચોટ રીતે કરી આપે છે. રિપોર્ટ બનાવવાથી લઈને નંબરો સમજવા, ગ્રાફ બનાવવો, કોડ લખવા - એવા બધા કામોમાં એઆઈએ પોતાની ક્ષમતા સાબિત કરી દીધી હોવાથી એ નોકરીઓ જોખમમાં મૂકાઈ છે. માઈક્રોસોફ્ટે એવી ધરપત પણ બંધાવી કે બધાની નોકરી જશે નહીં. એઆઈ માણસની જગ્યા સંપૂર્ણપણે લઈ શકશે નહીં. માણસની વિચારવાની રીત, સમજણ, લાગણીની જરૂરિયાત રહેવાની છે. પરંતુ જે રૂટિન કામ છે એનું સ્થાન એઆઈ લેવા માંડશે એટલે આ ફીલ્ડમાં કામ કરતા લોકોએ તેમની કામ કરવાની પદ્ધતિ બદલવી પડશે.

**માઈક્રોસોફ્ટે એક સંશોધનના આધારે એઆઈના કારણે જે નોકરીઓ પર ખતરો છે તે જણાવીને એ ક્ષેત્રમાં કાર્યરત લોકોને તેમની કામ કરવાની પદ્ધતિ બદલવાનું કહ્યું છે. તમે આ લિસ્ટમાં છો? જો તમારો જવાબ હા હોય તો તમારે પણ તમારી કામ કરવાની રીત બદલી નાખવી જોઈએ**

## શું બદલવું પડશે?

આ બાબત સમજવા જેવી છે. એઆઈમાં પ્રોમ્પ્ટ આપવાની કળા છે. એક જ પ્રકારના રિઝલ્ટ માટે બે જુદા જુદા માણસો એઆઈને પ્રોમ્પ્ટ આપશે એ બંનેનું પરિણામ જુદું જુદું હશે. એને પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગ કહેવાય છે.

એ આવડતું હોય તો તમે એઆઈ પાસેથી સારામાં સારી રીતે કામ લઈ શકશો. પ્રોમ્પ્ટ આપવાની કળા લોકોએ શીખવી પડશે. જો તમને પ્રોમ્પ્ટ આપીને એઆઈ નામના જીન પાસેથી કામ લેતા આવડતું હશે તો સ્પર્ધાના યુગમાં તમારી નોકરી પર જોખમ આવશે નહીં.•

# યૂં તેરી યાદ મેં દિન રાત મગન રહતા હૂં
# દિલ ધડ઼કના તેરે ક઼દમોં કી સદા લગતા હૈ

-શહઝાદ અહમદ

એ રીતે તારી યાદમાં રાતદિવસ મગ્ન રહું છું, હૃદયના ધબકારા પણ તારા પગરવ જેવા લાગે છે. જ્યારે હૃદયના ધબકારા પણ પ્રિયજનનાં આવવાનો સંકેત આપતા હોય તો એ કેવી યાદમાં તલ્લીન (મગન) થયો હશે? રાતદિવસ પ્રિયજનની યાદમાં લીન રહો ત્યારે તમારા હૃદયના ધબકારા પણ પ્રિયજનનાં આવવાનો અણસાર આપે. તમને પ્રિયજનનાં આગમનનો સતત ખ્યાલ આવે. કોઈને યાદ કરતા રહેવું પણ તેની સતત હાજરી હોય તેવું લાગે. યાદનો આ મહિમા છે. તમારા પ્રિયજનની ગેરહાજરી પણ તમને તેની હાજરી હોય તેવો અહેસાસ કરાવે. રાતદિવસ કોઈને યાદ કરતા રહો ત્યારે તમારી આસપાસ પ્રિયજનનાં પગરવ (કદમોં કી સદા) સંભળાવા લાગે. કોઈ આવી રહ્યું હોય તેવા ભણકારા તમને સંભળાવા લાગે. પ્રિયજનનાં પગરવ જાણે તમારા હૃદયના ધબકારા સાથે સંભળાવા લાગે. યાદનો સિલસિલો તમારા આસપાસનો માહોલ બદલી નાંખે. પ્રિયજન તમારી પાસે નહીં હોય તો પણ એ હાજર હોય તેવો અહેસાસ તમને થતો રહે. જાણે વિરહ અને મિલન બંને એક સાથે તમારી પાસે આવે. કોઈ હાજર નહીં હોય તેની હાજરીનો અહેસાસ થાય. આમ વિરહમાં પણ મિલનનો અહેસાસ થાય. કોઈને સતત યાદ કરવું એટલે શું? બધું ભૂલીને તેની યાદમાં તલ્લીન થઇ જવું. જ્યાં હૃદયના ધબકારા પણ સતત પ્રિયજનનાં આગમનનાં અણસાર જેવા લાગે. દિલની ધડકન જ્યારે કોઈ વ્યક્તિના આગમન માટે આતુર બને છે. ત્યારે પ્રેમ તેની પરાકાષ્ઠાએ પહોંચે છે. કોઈને સતત યાદ કરવું એટલે હૃદયથી એકાકાર થઇ જવું. આવો પ્રેમ કોઈ નસીબદારને જ મળતો હોય છે. જ્યાં પ્રિયજનના આગમન પહેલાં તેની યાદનો મહિમા પણ અનેરો હોય. ઇશ્વરને પામવું હોય ત્યારે પણ તમારા હૃદયના ધબકારાની જેમ તેનું સતત સ્મરણ કરવું પડે. ઇશ્વરની ભક્તિનો સરળ માર્ગ તેનું સતત સ્મરણ છે.



**કેફિયત**

★ હનીફ મહેરી